# થરાદમાં ઘેટાં- બકરા ભરેલું ડાલું ઝડપાયું ખીચોખીચ ભરેલા ૫૫ પૈકી બે ઘેટાના મોત

ડીસા, તા.૨૮

થરાદ પંથકમાંથી વહેલી પરોઢે આરઆરસેલની ટીમે ઘેટા-બકરા ભરેલું પીકઅપ ડાલું ઝડપી પાડતાં ચકચાર મચી ગઈ છે. આરઆરસેલ બોર્ડર રેન્જ ભૂજની ટીમ ચોક્કસ બાતમી આધારે થરાદ ચાર રસ્તા પાસે પેટ્રોલિંગમાં હતી. આ દરમ્યાન બાતમીવાળું પીકઅપ ડાલું આવતાં તેને રોકી તલાશી લેતાં ટીમ ચોંકી ઉઠી હતી. આરઆરસેલની ટીમે પીકઅપ ડાલામાંથી ૫૫ ઘેટા-બકરા ખીચોખીચ ભરેલા ઝડપી પાડ્યાં હતા. જેમાંથી બે ઘેટાં મૃત હાલતમાં પણ મળી આવ્યાં હોવાનું સામે આવ્યુ છે. આ સાથે ૩ ઈસમોની અટકાયત કરી થરાદ પોલીસે મથકે ગુનો રજીસ્ટર કરાવ્યો હતો.

બનાસકાંઠા જીલ્લાના થરાદમાં આજે વહેલી પરોઢે આરઆરસેલ બોર્ડર રેન્જ ભૂજની ટીમ થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમ્યાન ચોક્કસ બાતમી મળી હતી કે, પીલુડા તરફથી એક બોલેરો પીકઅપ ડાલામાં ચાલક અને અન્ય બે ઈસમો ઘેટા-બકરા ભરીને આવનાર છે. જે આધારે ટીમે વોચ ગોઠવી પીકઅપ ડાલુ આવતાં રોકી તેની તલાશી લીધી હતી. જેમાંથી ૫૫ ઘેટા-બકરા મળી આવતાં તેમની પાસે પાસ-પરમીટ માંગતા ન હોવાનું જણાવ્યું હતુ.

આ દરમ્યાન આરઆરસેલની ટીમે તપાસ કરતાં ૨ ઘેટા મૃત હાલતમાં મળી આવ્યાં હતા. જે બાબતે પુછતાં આરોપીઓને કહેલ કે, ખીચોખીચ ભરવાથી ગુંગળામણને કારણે મોત થયુ હશે. આ તરફ આરઆરસેલની ટીમે પીકઅપ ડાલામાંથી કુલ ઘેટા-બકરા નંગ-૫૫ કિ.રૂ.૫૩,૦૦૦ અને ડાલુ કિ.રૂ. ૨,૫૦,૦૦૦ મળી કુલ કિ.રૂ. ૩,૦૩,૦૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ સાથે ૩ ઈસમો સામે થરાદ પોલીસ મથકે ગુનો રજીસ્ટર કરાવ્યો છે. આ તરફ થરાદ પોલીસે ઈસમો સામે આઈપીસીની કલમ ૨૭૯, પશુઓ પ્રત્યે ક્રુરતા અધિનિયમની કલમ અને પશુ સંરક્ષણની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ત્રણ આરોપીની અટકાયત...

- ગનીભાઈ કાસમભાઈ ઘાંચી, ગામ-જેતડા, તા.થરાદ, હાલ રહે. ડીસા, ગંજપુરા
- ઈરફાનભાઈ ઈદ્રીસભાઈ શેખ, ગામ-ડીસા, મહોમદપુરા ગવાડી, બીહારીબાગ, મદીના મસ્જીદ પાસે, તા.ડીસા
- જુમાભાઈ હમીરભાઈ મનસુરી, ગામ-દુદખા, તા.સમી, જી.પાટણ, હાલ રહે. ડીસા, અમનપાર્ક સોસાયટી

# ધાનેરાના ધરણોધર ગામે પુજારીની હત્યા

## એલસીબી પોલીસે ગણતરીના કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલ્યો : ત્રણ હત્યારાઓને ઝડપી લેવાયા

પાલનપુર

ધાનેરાના ધરણોધર ગામે પુજારીની હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો.જેના પગલે ધાનેરા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધાતા બનાસકાંઠા એલસીબી પોલીસે તપાસ હાથ ધરી જેમાં ગણતરીના કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી ત્રણ શખ્સોની અટકાયત કરવામાં આવી હતી.જેના પગલે ગુનેગારોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

બનાસકાંઠામાં દિન પ્રતિ દિન ગુનાઓનું પ્રમાણ વધી રહ્યુ છે.તેજ રીતે ધાનેરાના ધરણોધર ગામે રહેતા અને શિવ મંદરની પુજા કરતા પુજારી રમેશભારથી ભાણાભારથી ગૌસ્વામીનો મૃતદેહ ધરણોધર ગામેથી મળી આવ્યો હતો.જેમાં પોલીસ તપાસમાં હત્યા કરાઈ હોવાનુ બહાર આવ્યુ હતુ.જેથી ધાનેરા પોલીસ મથકમાં હત્યાનો ગુનોનોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા



તરૂણ દુગ્ગલની સુચનાથી બનાસકાંઠા એલસીબી પી.આઈ એચ.પી.પરમાર ના માર્ગદર્શન હેઠળ એલસીબી પીએસઆઈ આર.જી.દેસાઈએ એલસીબી સ્ટાફની જુદી-જુદી ટીમો બનાવી હત્યાના ગુનાના આરોપીઓને ઝડપી લેવા ચક્રોગતીમાન કર્યા હતા.જેમાં ભરોસા પાત્ર બાતમીદારો અને ટેકનીક સર્વેલન્સની મદદથી એલસીબી પોલીસ મોટી સફળતા મળી હતી.અને ગણતરીના કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી ત્રણ આરોપીઓની ઝડપી લેવામાં આવ્યા હતા.

### હત્યા પુજારીની પત્ની સાથેના આડા સબંધોના કારણે કરાઈ હોવાનું બહાર આવ્યુ

મૃતક રમેશભાઈની પત્નિ સાથે ધાનેરાના ગોલા ગામે રહેતા શીવાભાઈ ગોકળાભાઈ પટેલને આડા સબંધ હોવાથી રમેશભાઈને જાણ થઈ ગઈ હતી.જેથી રમેશભાઈએ ઠપકો આપી શીવાભાઈ પટેલને પોતાના ઘરે આવવાનું ના પાડતા તેની અદાવત રાખી શીવાભાઈએ તેના ભાગીયાને પ્રકાશને રમેશભારથીની હત્યા કરાવવાની સોપારી આપી હતી.જેથી એક હાથે આ કામ ન થઈ શકતુ હોવાનું કઈ રાજસ્થાનથી માણસો બોલાવવા પડશે જેથી રાજસ્થાનના લુણારામ મોહનરામ મેધવાળની મદદ લઈ હત્યાના ગુનાને અંજામ આપ્યો હતો.

### પ્રેમીએ પ્રેમીકાના પતિનું કાસળ કાઢવા ૩.૫૦ લાખની સોપારી આપી હતી

ધાનેરાના ગોલા ગામના શીવારામને પુજારી રમેશભાઈની પત્નિ સાથે આડા સબંધ હોવાથી તેમના વચ્ચેનો કાંટો કાઢવા તેમના ભાગીયા અને રાજસ્થાનનાએ વ્યક્તિ સાથે મળી હત્યાનું કાવતરૂ રચી રૂ.૩.૫૦ ની સોપારી આપી હત્યા કરાવવામાં આવી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે.

# સાબરકાંઠામાં કોરોના પોઝેટીવનો આંકડો ૧૫૦૦ થઈ ગયો

## એક જ દિવસમાં નવા ૧૮ કેસ ઉમેરાયા : જિલ્લાની પ્રજા માટે ડીસેમ્બર મહિનો ભારે

હિંમતનગર, તા.૨૮

સાબરકાંઠા જિલ્લામાં શનિવારે કોરોના પોઝેટીવ કેસનો કુલ આંક ૧૫૦૦ થઈ ગયો છે ત્યારે એક જ દિવસમાં નવા ૧૮ કેસ ઉમેરાયા છે. જેથી એવુ મનાઈ રહ્યુ છે કે સાબરકાંઠા જિલ્લાની પ્રજા માટે ડીસેમ્બર મહિનો ખુબ જ ભારે સાબિત થાય તો નવાઈ નહી. જોકે દરરોજ આટલા કેસ વધી રહ્યા હોવા છતા જિલ્લાની પ્રજામાં જોઈએ તેટલી ગંભીરતા દેખાતી નથી જે ખરેખર ચિંતાનો વિષય છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ શનિવારે એક જ દિવસમાં કોરોના પોઝેટીવના જે નવા ૧૮ કેસ નોધાયા છે તેમાં એકલા હિંમતનગર શહેરમાં સાત કેસ છે. જે પૈકી પોલીસ ક્વાટર્સમાં રહેતા ૨૩ વર્ષિય મહિલા, ૨૨ વર્ષિય મહિલા, ૨૯ વર્ષિય મહિલા, ગાયત્રી સોસાયટીમાં ૬૦ વર્ષિય પુરૂષ, સુકુન સોસાયટીમાં ૪૫ વર્ષિય પુરૂષ, શ્રીનગરમાં ૪૪ વર્ષિય મહિલા અને ભોલેશ્વર વિસ્તારમાં રહેતા ૭૬ વર્ષિય મહિલા કોરોનાનો ભોગ બન્યા છે.

તેજ પ્રમાણે ઈડર તાલુકામાં ચાર કેસ નોધાયા છે જેમાં રાણીપુર ગામમાં ૩૦ વર્ષિય પુરૂષ, દાવડમાં ૯૫ વર્ષિય પુરૂષ અને ઈડરની કલરવ સોસાયટીમાં ૨૩ વર્ષિય પુરૂષ તથા લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતા ૨૧ વર્ષિય પુરૂષ પણ કોરોનાની ઝપેટે અઢી ગયા છે. તથા વડાલીના કેસરપુરા ગામમાં ૦૦ વર્ષિય પુરૂષ અને ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામના ૫૮ વર્ષિય પુરૂષ પણ કોરોનામાં સપડાયા છે.

આ ઉપરાંત પ્રાંતિજના બાલીસણા ગામના ૧૪ વર્ષિય પુરૂષ, નનાનપુર ગામના ૪૦ વર્ષિય મહિલા, તખતગઢના ૫૦ વર્ષિય પુરૂષ ઉપરાંત તલોદ તાલુકાના ચંદપુર ગામના ૬૦ વર્ષિય પુરૂષ તથા તલોદમાં રહેતા ૪૦ વર્ષિય મહિલા પણ કોરોનામાં સપડાયા છે. આમ જિલ્લામાં નવેમ્બરના અંતમાં કોરોના પોઝેટીવ કેસનો આંકડો ૧૫૦૦ થઈ ગયો છે. જોકે તે પૈકી ૧૩૧૯ લોકો સાજા થયા છે અને હાલ ૧૪૦ કેસ એકટીવ હોવાનો આરોગ્ય વિભાગનું કહેવુ છે. તાલુકાઓની વાત કરીએ તો હિંમતનગર તાલુકામાં ૬૦૧, પ્રાંતિજમાં ૧૦૩, ઈડરમાં ૨૮૫, તલોદમાં ૧૦૬, વડાલીમાં ૯૩, ખેડબ્રહ્મામાં ૪૭૨, વિજયનગરમાં ૪૬ અને પોશીના તાલુકામાં અત્યાર સુધીમાં ફક્ત ૧૪ કેસ નોધાયા છે.



**ઢેલાણા ખાતે ચૌધરી સમાજના દંપતિએ આદિજાતી સમાજની દિકરીનું કન્યાદાન કર્યું**

પાલનપુર તાલુકાના ઢેલાણામાં રહેતા એક ચૌધરી દંપતિ એ આદિજાતી(ભીલ) સમાજની દિકરીનું કન્યા દાન કર્યું હતું. અને જણાવ્યું હતું કે હાલમાં જાતીવાદીની માનસિકતાને ડામવાના પ્રયાસ માટેની એક શરૂઆત કરવામાં આવી છે. જેને આવેલા મહેમાનો એ વધાવી લીધી હતી.પાલનપુર તાલુકાના ઢેલાણામાં રહેતા જયાબેન રમેશભાઈ નરસંગભાઈ ચૌધરી ના ઘરે છેલ્લા કેટલાય વર્ષોથી આદિજાતી સમાજ ની દિકરી જ્યોત્સનાબેન મફાભાઈ માજીરાણા તેમના ઘરનું ઘરકામ કરતા હતા. અને તેમને આ ચૌધરી પરિવાર પોતાના સદસ્ય ની જેમ જ રાખતા હતા. ત્યારે જ્યોત્સનાબેન માજીરાણા ના લગ્ન નક્કી કરવામાં આવ્યા ત્યારે ચૌધરી રમેશભાઈ એ જ્યોત્સના બેન પોતાની દીકરી ને જેમ મોટા કર્યા હોવાથી તેમનું કન્યા દાન આપવાનું અને પરિવાર ને આર્થિક મદદ કરવાનું અને સમાજ માં જાતીવાદીની માનસિકતા ને ડામવા ના પ્રયાસ માટે ની એક શરૂઆત રમેશ ભાઈ કરી હતી. અને આ રીતે સમાજમાં એક સામાજીક સમરસતા અને નૈતિકતા નુ ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

## દાંતીવાડા ભીલાચલ નવીન દૂધ ઘરનું ઉદ્ઘાટન કરાયુ

દાંતીવાડાના તાલુકાના ભિલાચલ ખાતે નવીન દૂધ ઘરના ઉદ્ઘાટન પ્રસંગે બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી દ્વારા વર્ચ્યુઅલ સંબોધન કરી સમગ્ર બનાસડેરી ટીમ સહિત પશુપાલકોને શુભકામનાઓ પાઠવી હતી અને નવીન દુધઘરનું ઉદ્ઘાટન ડિટેક્ટર પી.જે. ચૌધરી તેમજ એમ.ડી. કામરાજભાઈ દ્વારા રીબીન કાપી નવીન દૂધ ઘરને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. દેશમાં વૈશ્વિક મહામારી ચાલતી હોવાને લીધે સોશિયલ ડિસ્ટન્સ ભંગ ન થાય અને સરકારની ગાઈડલાઈનનું પાલન થાય તે માટે આજે નવીન ૨૧ લાખના ખર્ચે બનેલ નવીન મકાન જેમાં બનાસડેરી દ્વારા ૧ લાખની આર્થિક સહયોગ માટે આપવામાં આવી હતી. જેમાં આ પ્રસંગે દાંતીવાડા વિભાગના ડીરેક્ટર પી.જે.ચૌધરી, એમ.ડી. કામરાજભાઈ, ધાનેરા ધારાસભ્ય નાથાભાઈ પટેલ ડો. હરિભાઈ, સહિત પશુપાલકો હાજર રહી ગ્રામજનો સહિત કાળુંસિંહ દેવલે તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.




**પાલનપુર એરોમા સર્કલ ખાતે પબ્લિક સીટી કંપેઇન**

સદભાવ મહિલા અને બાળ વિકાસ ટ્રસ્ટ દ્વારા રોડ સેફટી અવરનેસના ભાગ રૂપે પાલનપુર એરોમા સર્કલ ખાતે ચાર દિવસીય પબ્લિકસીટી કેમ્પેઈન કરવામાં આવેલ. ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ હાઈવે, ભારત સરકાર ન્યુ દિલ્હીના સહયોગથી અને સદભાવ મહિલા અને બાળ વિકાસ ટ્રસ્ટ દ્વારા રોડ સેફટી અવરનેસના ભાગરૂપે પાલનપુર એરોમા સર્કલ ખાતે ચાર દિવસીય પબ્લિકસીટી કેમ્પેઈન કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા આર.એચ.વાળા, ચીફ ટ્રેનિંગ એન્ડ હયુમન રિસોસ મેનેજર ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તેમજ પોલીસ ઈન્સ્પેકટર બનાસકાંઠા, મહિલા પોલીસ સ્ટેશન પી.આર. મોદી, ટ્રાફિક પોલીસ રમેશભાઈ, સદભાવ મહિલા અને બાળ વિકાસ ટ્રસ્ટના મંત્રી મદીનાબેન એસ. શેખ દ્વારા હાલના સમયગાળામાં થતાં અકસ્માતને અટકાવવા લોકોમાં જાગૃતિ આવે તેવા ઉમેદા આશયથી કાર્યક્રમ કરવામાં આવેલ તેમજ કોવિડ ૧૯ ને ધ્યાનમાં રાખી સોશિયલ ડીસ્ટન્સ જાળવીને માસ્કનું વિતરણ પણ કરવામાં આવ્યું. આર.એચ. વાળા દ્વારા ટ્રાફિકના નિયમોનું પાલન કરી રોડ પરથી પસાર થતા લોકોને ગુલાબનું ફુલ આપી સન્માન કરવામાં આવેલ. આખા કાર્યક્રમનું સંચાલન જિલ્લા વી.એમ.કે.ના કર્મચારી કિંજલબેન તેમજ પ્રીતિબેન દ્વારા કરવામાં આવેલ.

## મોટાકોટડા ગામની સ્ટ્રીટ લાઈટો કેટલાક મહોલ્લાઓમાં બંધથી અંધારપટ

ભિલોડા, તા. ૨૮

ઈડર તાલુકાના મોટાકોટડા ગામની પંચાયતની બેદરકારી કહો કે સરપંચની મનસ્વીપણુ વ્હાલા દવલાની નીતિ રાખીને છેલ્લા બે માસથી સ્ટ્રીટલાઈટના થાંભલા એલઈડીના બલ્બ નાંખવામાં આવતા નથી. મોટા કોટડા ગ્રામ પંચાયતમાં કેશુભાઈ પી. પટેલે લેખિત તેમજ મૌખિક રજૂઆત કરવા છતાં દિવાળી જેવા તહેવારોમાં ઈરાદાપૂર્વક સ્ટ્રીટલાઈટના થાંભલા પર બલ્બ નાખવામાં ગોર બેદરકારી રાખવામાં આવી રહી છે.

આ ઉપરાંત રહેઠાણ વિસ્તારોની આજુબાજુ ગંદકીના ઢગ જોવા મળે છે. જાહેર રસ્તા પર બાવળોના ઝુંડથી અંધારામાં બહેન-દીકરીને નીકળવુ હોય તો ભય સતાવે છે. સરપંચની મનસ્વીપણાથી ગામના લોકો ત્રાસી ગયા છે. આરોગ્ય વિભાગ તેમજ અન્ય અધિકારીઓએ આવા પદાધિકારીઓને બોધપાઠ આપવાની તાતી જરૂરિયાત છે. જો ગંદકીના ઢગ આમને આમજ રહેશે તો રોગચારાનો ભરડો વ્યાપક બનશે તેવી દહેશત જણાઈ રહી છે.

# ભિલોડામાં ઠેર-ઠેર લોકોના ટોળેટોળા : સંક્રમણ વધે તેવા એંધાણ

ભિલોડા,તા.૨૮

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દિવાળીના તહેવાર પર બજારોમાં ભારે ભીડભાડ એકત્રીત થયા બાદ ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસનું સંક્રમણ દિન-પ્રતિ-દિન વધતા જાગૃત પ્રજાજનો અને વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.એક તરફ શિયાળાની ફુલગુલાબી ઠંડીનો ચમકારો વધી રહ્યો છે ત્યારે હજુ પણ આગામી દિવસોમાં કાતીલ તીવ્ર ઠંડીનું પ્રમાણ વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.કમોસમી વરસાદ બાદ વાઈરલ બિમારીઓનું પ્રમાણ વધતું જાય છે.

ભિલોડા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસની મહામારી દરમ્યાન બેદરકારીપુર્વક લોકો બેફામ ફરી રહ્યા છે.અમુક વ્યક્તિઓ કોઈ પણ જાતની પરવા કર્યા વગર સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી લોકોના ટોળે-ટોળા બજારોમાં દેખાય છે.કોઈને પણ કંઈ થાય તો કહે છે કે જો-જો કોઈને કહેતા નહીં કે હું કોરોના પોઝીટીવ છું.શિયાળાની ઋતુ હોઈ એટલે શરદી,ઉધરસ,ખાંસી તો થાય અને ડાૅક્ટરે કહ્યું છે એટલે કોરોનાનો ટેસ્ટ કરાવ્યો પરંતુ પોઝીટીવ આવ્યો છે પણ કંઈ ગંભીર બિમારી જેવું લાગતું નથી.કોઈને કહેતા નહીં,નહી તો પાછુ જાહેર થશે જેવા અનેક પ્રશ્નો આજકાલ સાંભળવા મળે છે.

કોરોના વાઈરસ પોઝીટીવ આવે એ કોઈ અપરાધ નથી.કોરોના વાઈરસનું સંક્રમણ વિશ્વવ્યાપી છે ત્યારે કોઈ પણ વ્યક્તિને થઈ શકે છે તેમાં કોઈ પ્રધાન હોય,કોઈ અધિકારી હોય કે કોઈ ડાૅક્ટર હોય તે કોઈ પણ વ્યક્તિને થઈ શકે છે.એમાં શરમાવવા જેવું,છુપાવવા જેવું શું હોય છે ઉલટાનું જાહેર કરવાથી સારવારના માર્ગ જલદી ખુલે છે.છુપાવનાર વ્યક્તિ ઠંડીની શરદી,ઉધરસ ગણી થોડા દિવસમાં ચાલ્યા જાય છે અને સ્વજન ગુમાવનાર પરીવારજનો પર મોટું આભ તુટી પડે છે.આ મહામારી વિશ્વવ્યાપી છે અને આપણે સપડાયા છીએ તેવું જાહેર કરવામાં નાનમ અનુભવી જોઈએ નહીં અને જાહેર કરીને સરકાર અને સમાજની મદદ માટે દરવાજા ખોલવા જોઈએ તેમ બુધ્ધીજીવી વર્ગએ જણાવ્યું હતું.દિવસે દિવસે કોરોનાની માહિતી છુપાવવાની વધતી માનસિકતા આ સ્થિતીને ગંભીર બનાવશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.બજારોમાં ભીડભાડ દરમ્યાન કામ વગર ફરવું નહીં અને નિયમિત માસ્ક પહેરવું તે મોટામાં મોટી દવા હોઈ ત્યારે હાલના તબક્કે માસ્ક એ જ વેક્સિન છે.



**સાઠંબા ગામે રસ્તા પરના દબાણો દુર કરાતા કહી ખુશી કહી ગમના દ્રશ્યો**

બાયડ તાલુકાના સાઠંબા ખાતે લારી ગલ્લાવાળા દુકાનદારો દ્વારા કરવામાં આવેલા જાહેર રસ્તા પૈકીના ગેરકાયદેસર દબાણોના કારણે રસ્તા સાંકડા થઈ જતાં બહારગામથી આવતા ગ્રાહકોને ભીડભાડમાં વાહન પસાર થતાં પરેશાનીનો સામનો કરવો પડતો હતો જેની અવાર-નવાર સ્થાનિક ગ્રામ પંચાયતકક્ષાએ તથા ઉચ્ચકક્ષાએ ફરીયાદો કરવામાં આવી હતી. સાઠંબાનગર ખાતે નાયબ મામલતદાર, તાલુકા પંચાયતના અધિકારી સાઠંબા ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી, ગ્રામ પંચાયતના સ્ટાફ સહિત બસ સ્ટેશન વિસ્તારમાં કુલ ૮૧ દબાણો દુર કરવામાં આવતા કહી ખુશી કહી ગમના દ્રશ્યો જોવા મળ્યા હતા. લારી ગલ્લાવાળાઓના દબાણો દુર કરવામાં આવતાં તેમના ચેહરા પર રોજગાર છિનવાયાનું દુ:ખ સ્પષ્ટ નજરે પડતું હતું. પાથરણબજાર જેવી વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

## દાંતીવાડા પોલીસે પકડેલ ભેંસો કાંટ પાંજરાપોળને સુપ્રત

કોરોના મહામારી વચ્ચે પણ અબોલ જીવોની હેરાફેરી મોટા પ્રમાણમાં થઈ રહી છે. સમગ્ર રાજ્યમાં ગેરકાયદેસર રીતે અબોલ જીવો વાહનોમાં ક્રૂરતાપૂર્વક ભરી કતલખાને લઈ જવાતા હોવા મામલે જીવદયા પ્રેમીઓ પણ અવાર નવાર આવા અબોલ જીવોને હિંમતભેર કસાઈઓના પંજામાંથી છોડાવી જીવતદાન આપતા હોય છે ત્યારે આવી જ એક ક્રૂરતાપૂર્વક ભેંસો ભરેલી ટ્રક દાંતીવાડા પોલીસે ઝડપી પાડી હતી અને નિભાવ માટે આ તમામ ભેંસો કાંટ પાંજરાપોળ ખાતે મોકલી આપી હતી. દાંતીવાડા પોલીસના માણસો નાઈટ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન કન્ટ્રોલ રૂમ ઉપરથી ચિત્રાસણી રોડ ઉપર ટ્રકચાલકને કેટલાક લોકોએ બંધક બનાવ્યો છે બે લાખ રૂપિયાની માંગ કરે છે તેવી બાતમી મળી હતી. તેથી તપાસ કરવા દાંતીવાડા પોલીસ તાત્કાલિક ધોરણે હાઈવે તરફ પહોંચી હતી. દરમિયાન મોટી ભાખર ગામ નજીક રોડ સાઈડમાં એક આઈસર ટ્રક પડી હતી.

# બનાસ ડેરીએ ગત વર્ષનો સર્વોચ્ચ દૂધ પ્રાપ્તિનો આંક વટાવી ૭૩.૯૩ લાખ લીટર દૂધનું સંપાદન કર્યું

## ''છતાં પણ ડેરી એકપણ દિવસ દૂધ લેવાનું બંધ નહીં કરે'' : શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૨૮

જિલ્લાના સાડા ચાર લાખ પશુપાલકોની જીવાદોરી સમી બનાસડેરીએ આજે દૂધ સંપાદનમાં ગત વર્ષનો ૭૩.૭૨ લાખ લીટરનો આંક વટાવી ને ૭૩.૯૩ લાખ લીટર દૂધનું



સંપાદન કરતા બનાસમાં સર્વોચ્ચ દૂધ સંપાદનનો નવો અધ્યાય આલેખાયો હતો. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જિલ્લાના દૂધ ઉત્પાદકોને અભિનંદન આપતાં જણાવ્યું છે કે આપ સૌની મહેનત અને બનાસ ડેરી પ્રત્યેના ભરોસાને કારણે આજે બનાસમાં દૂધ સંપાદનનો સર્વોચ્ચ સ્કોર નોંધાયો છે. તેમણે બનાસના દૂધ ઉત્પાદકોને હૈયાધારણ આપતાં જણાવ્યું કે દૂધના જંગી વધારાને પહોંચી વળવા બનાસ ડેરીનું તંત્ર સંપૂર્ણ સજજ છે અને એક પણ દિવસ ''મિલ્ક હોલી ડે'' રાખવામાં નહીં આવે.

જિલ્લામાં વધતા જતા દૂધના પુરવઠાને પહોંચી વળવા દિયોદર તાલુકાના સણાદર ગામે ૩૦ લાખ લીટર પ્રતિદિન ક્ષમતા ધરાવતા નવા ડેરી પ્લાન્ટનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે અને આગામી એક દોઢ વર્ષમાં તેનું કામ પણ પૂર્ણ થશે.

## પાલનપુર ગઠામણ પાટીયા પાસે મોર્નિંગ વોક કરવા ગયેલ બે યુવાનોને અજાણ્યા વાહને અડફેટે લીધા

પાલનપુર ગઠામણ ખાતે રહેતા બે યુવાનો મોર્નિંગ વોક કરી ઘરે પરત ફરી રહ્યા હતા.તે સમયે અજાણ્યા વાહને બંન્ને યુવાનોને અડફેટે લીધા હતા.જેમાંથી એક યુવાન અકસ્માત સર્જનાર ગાડી નીચે અડધો કિલો મિટર સુધી ઘસડાતા યુવાનનું મોત નિપજ્યું હતુ.તેમજ એક યુવાનને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. બનાસકાંઠામાં અકસ્માતોનું પ્રમાણ દિન પ્રતિદીન વધી રહ્યુ છે.જેમાં વાહન ચાલકોની સામાન્ય બેદરકારીના કારણે લોકોને પોતાના જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે.જેમાં પાલનપુરના ગઠામણ ખાતે રહેતા ચિરાગ પ્રવિણભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૦) અને કેતન લલીતભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૪) શનિવારે વહેલી સવારે ઘરેથી મોર્નિંગ વોક માટે નિકળ્યા હતા.અને વોક કરી પરત ઘરે ફરી રહ્યા હતા.તે સમય ગઠામણ પાસે આવેલ સધી માતાના મંદિર નજીક અજાણ્યા વાહન ચાલકે બંન્ને યુવાનોને અડફેટે લીધા હતા.જેમાં ચિરાગ પ્રજાપતિને ગાડી નીચે અડધો કીલો મીટર સુધી ખેચીને ઘસડતા મોત નિપજ્યુ હતુ.તેમજ કેતન પ્રજાપતિને ઈજાઓ થતા ૧૦૮ મારફત પાલનપુરની સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.



**કોરોનાથી બચવાનો નુસ્ખો...**

કોરોનાના કારણે જનજીવન પ્રભાવિત થઈ ઉઠ્યું છે. દિન પ્રતિદિન તેના કેસો વધતા આમ પ્રજામાં દહેશતનો માહોલ છવાયો છે. તેમાં પણ મૃત્યુઆંક વધતા મનો રોગનો શિકાર બનેલા હર કોઈ તેનાથી બચવા જાત જાતના નુસ્ખા અજમાવી રહ્યા છે. જેમાં આયુર્વેદિક ઉકાળો હવે જુનવાણી પુરવાર થતા લોકો નિષ્ણાંત ડોકટરોની ભલામણ મુજબ ઘરે આયુર્વેદિક ચીજોના ગરમ પાણીનો નાશ લેવા લાગ્યા છે. લોકોનો ગાડરિયો પ્રવાહ નાશ તરફ વળતા તકવાદી કંપનીઓએ તો બજારમાં નાશ લેવાના સાધનો પણ ઠલવી દીધા છે.